પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૪૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૪-૦૬-૨૦૨૨ શનિવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નવ હત્યાઓ પછી ૯૦ ટકા કાશ્મીરી પંડિતોએ રાતોરાત ઘર છોડ્યું

## કાશ્મીરમાં હિન્દુઓને ટાર્ગેટ કરવાના ષડયંત્ર પાછળ પાકિસ્તાનની ISIનો હાથ હોવાનું સામે આવ્યું

શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરમાં હાલ આતંકીઓ હિન્દુઓને નિશાન બનાવી રહ્યા છે. છેલ્લા એક મહિનામાં ટાર્ગેટ કિલિંગ દ્વારા ૯ લોકોની હત્યા કરી નાખવામાં આવી છે. જેના કારણે ઘાટીમાં રહેતા હિન્દુઓમાં દહેશતનો માહોલ છે અને હવે તેમણે પલાયન કરવાનો નિર્ણય પણ લઈ લીધો છે. ત્યારે કાશ્મીરમાં હિન્દુઓને ટાર્ગેટ કરવાના આ ષડયંત્ર પાછળ પાકિસ્તાનની આઈએસઆઈનો હાથ હોવાનું સામે આવ્યું છે. ટાર્ગેટ કિલિંગનું આ સમગ્ર પ્લાનિંગ એક વર્ષ પહેલા પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના મુઝફ્ફરાબાદમાં




કરવામાં આવ્યું હતું. ટાર્ગેટ કિલિંગનું પ્લાનિંગ ગત વર્ષે આતંકીઓએ કરી લીધુ હતું પણ તેઓ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા. મળતી માહિતી મુજબ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૧માં મુઝફ્ફરાબાદમાં અલગ અલગ આતંકી સંગઠનો અને આઈએસઆઈના ઓફિસરો વચ્ચે બેઠક થઈ હતી. જેમાં એવું નક્કી કરાયું કે નવા નામથી આતંકી જૂથ બનાવવા અને ટાર્ગેટ કિલિંગની જવાબદારી લઈ લેવી.

આ બેઠકમા કોને નિશાન બનાવવા તે પણ નક્કી કરવામાં આવ્યું જે મુજબ કાશ્મીરી પંડિતો, આરએસએસ, સિક્યુરિટી પર્સનલ, ભાજપના સ્થાનિક નેતાઓ, કેન્દ્ર સરકારના કર્મચારીઓ વગેરેને ટાર્ગેટ કરવાનું નક્કી કરાયું હતું. આતંકી સંગઠનોએ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે મળીને ટાર્ગેટ કિલિંગને અંજામ આપવા માટે ૨૦૦ જેટલા લોકોની યાદી પણ તૈયાર કરી હતી. હવે આઈએસઆઇ તેના આ પ્લાન દ્વારા કાશ્મીરમાં દહેશત મચાવી રહી છે. ઘાટીમાં સતત થતી હત્યાઓ પછી કાશ્મીરી પંડિતો તેમના ઘર છોડીને જઈ રહ્યા છે. પીએમ પેકેજમાંથી મળેલા અનંતનાગના મટ્ટનમાં આવેલી પંડિત કોલોનીમાં સન્નાટો છવાઈ ગયો છે.કાશ્મીરી પંડિત રંજન જ્યોતિષીએ જણાવ્યું કે, અનંતનાગમાં આવેલા મટ્ટનની કાશ્મીરી પંડિત કોલોની ૯૦ ટકા ખાલી થઈ ગઈ છે. લોકોની ધીરજ ખૂટી ગઈ છે તેથી તેઓ અડધી રાતથી જ પલાયન કરવા લાગ્યા છે.

આ કોલોની પીએમ પેકેજ અતર્ગત બનાવવામાં આવી છે અને અહીં કાશ્મીરી પંડિત સમુદાયના સરકારી કર્મચારીઓ રહે છે. પરંતુ છેલ્લાં કેટલાક દિવસોથી થતી હત્યા બાદ હવે લોકો એમના ઘર છોડી રહ્યા છે. સ્થિતિ સુધર્યા પછી જ લોકો હવે અહીં પરત આવે તેવી શક્યતા છે.

બીજી બાજુ અનંતનાગ અને કુલગામના ઘણાં વિસ્તારોમાં કાશ્મીર પંડિતોએ સુરક્ષાની માંગણી કરી છે, જેતી તેઓ ઘાટી છોડીને અન્ય સુરક્ષીત જગ્યાએ જઈ શકે. કાશ્મીરમાં રાહુલ ભટ્ટની હત્યા પછી પંડિતો પ્રદર્શન કરી રહ્યા છે. અનંતનાગમાં રહેતા કાશ્મીરી પંડિત અવિનાશે જણાવ્યું કે, જ્યાં સુધી પુરતી સુરક્ષાની વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી અમે અહીંથી હટવાના નથી.

જમ્મુ-કાશ્મીર પ્રશાસને જોખમની શક્યતાઓ વચ્ચે કાશ્મીરી પ્રવાસીઓ અને જમ્મુના અન્ય કર્મચારીઓને ૬ જબન સુધી સુરક્ષીત જગ્યાએ તહેનાત કરવાનો નિર્ણય લીધો છે. જમ્મુ-કાશ્મીર પ્રશાસને કહ્યું કે, દરેકને જિલ્લા મુખ્યાલયમાં શિફ્ટ કરવામાં આવશે. જોકે જમ્મુમાં મોટી સંખ્યામાં આવેલા કર્મચારીઓનો આરોપ છે કે, ટાર્ગેટ કરીને કર્મચારીઓની હત્યા કરવામાં આવી રહી છે.

કાશ્મીરમાં આ વર્ષે આતંકી હુમલામાં ૨૦ નાગરિકોની હત્યા થઈ છે. તેમાંથી ૯ હત્યાઓ તો છેલ્લાં ૨૨ દિવસમાં થઈ છે. આ ૯ લોકોમાં ૫ હિન્દુ અને ૩ સેનાના જવાન હતા. આ જવાન રજા પરથી ઘરે આવ્યા હતા. આતંકીઓએ એક ટીવી એક્ટરની પણ હત્યા કરી છે. ગુરુવારે રાતે લોકલ ટેરરિસ્ટ ગ્રુર કાશ્મીર ફ્રિડમ ફાઈટરએ લેટર જાહેર કરીને ધમકી આપી છે કે, બધાની હાલત આવી જ થશે.

૧૯૯૦માં ઘાટીમાંથી સૌથી વધુ પંડિતોએ કાશ્મીર છોડ્યું હતું. ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૧૯૯૦માં ૨૧૯ કાશ્મીરી પંડિતોની હત્યા કરવામાં આવી હતી. ત્યારપછી પંડિતોએ કાશ્મીર છોડવાની શરૂઆત કરી હતી. એક અંદાજ પ્રમાણે ૧ લાખ ૨૦ હજાર કાશ્મીરી પંડિતોએ તે સમયે કાશ્મીર છોડ્યું હતું.

## વડોદરામાં દિપક નાઈટ્રેટ કંપનીમાં બ્લાસ્ટ સાથે લાગી ભીષણ આગ, ૮ ઈજાગ્રસ્ત, ૭૦૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા

વડોદરા,

વડોદરાના નંદેસરી વિસ્તારમાં આવેલી દિપક નાઈટ્રેટ નામની કંપનીમાં આજે સાંજે બ્લાસ્ટ થયા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. જેને પગલે કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડ પહોંચ્યું હતું અને આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી. આગના ધૂમાડાના ગોટેગોટા હાઈવે પરથી દૂર દૂર સુધી દેખાઈ રહ્યા હતા.આગની ઘટનામાં ૮ ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જે પૈકી ૩ને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે.દામાપુરા અને રઢીયાપુરા ગામના ૭૦૦ લોકોને સાવચેતીના ભાગરૂપે સલામત સ્થળે



ખસેડાયા છે.

ફાયરબ્રિગેડ દ્વારા દિપક નાઈટ્રેટમાં લાગેલી આગની ઘટનાને પગલે બ્રિગેડ કોલ જાહેર કરવામાં આવ્યો છે. આગ કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી સયાજી હોસ્પિટલની બહાર સ્ટ્રેચર પણ તૈયાર રાખવામાં આવ્યા હતી અને ડોક્ટરો સહિત ૨૫ લોકોની ટીમ તૈનાત કરી દેવામાં આવી હતી.

જિલ્લા કલેકટર અતુલ ગોરે જણાવ્યું હતું કે, કંપનીના આસપાસના ગામના ૭૦૦ વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને ફુડ પેકેટની વ્યવસ્થા કરાઈ છે. કંપનીના ૫ વ્યક્તિઓને ગેસની અસર થઈ હતી તે સલામત છે તેવી પ્રાથમિક માહિતી છે અને આગના બનાવમાં જાનહાનિના કોઈ સમાચાર નથી.

વડોદરા ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ૯૦ ટકા જેટલી આગ કાબૂમાં આવી છે. વડોદરાના તમામ ફાયર સ્ટેશનોનો સ્ટાફને કામે લગાવવામાં આવ્યો હતો. તમામ ફાયર ઓફિસરો કામે લાગેલા હતાં ફાયર બ્રિગેડની ૮ ટેક્કર દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યા હતો.આગ પર અંકુશ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

## હજ કરવી ૫૦ ટકા મોંઘી થશે! મુસાફરોએ હવે વધુ રૂપિયા ચૂકવવા પડશે

નવીદિલ્હી,

કોરોના મહામારી બાદ બે વર્ષના અંતરાલ બાદ હજ પર જઈ રહેલા ભારતીય મુસ્લિમો મોંઘવારીનો સામનો કરી રહ્યા છે. કારણ કે આ વાર્ષિક મુસ્લિમ તીર્થયાત્રા હજનો ખર્ચ ૫૦ ટકા વધી ગયો છે. હજ કમિટી ઓફ ઈન્ડિયા, સરકાર સંચાલિત સંસ્થા, હજ યાત્રાળુઓ માટે મુસાફરીની વ્યવસ્થા કરે છે. ડેક્કન હેરાલ્ડના અહેવાલ મુજબ આ વર્ષે ભારતમાંથી ૭૯,૨૩૭ મુસ્લિમો હજ પર જઈ શકે છે.

જ્યારે વર્ષ ૨૦૧૯માં ૨ લાખ મુસ્લિમ હજયાત્રીઓ હજ પર ગયા હતા. આ વખતે સાઉદી અરેબિયા દેશી અને વિદેશી સહિત માત્ર ૧૦ લાખ શ્રદ્ધાળુઓને આવવાની મંજૂરી આપી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં સાઉદી અરેબિયાની સરકારે કોઈ પણ વિદેશીને હજ કરવાની મંજૂરી આપી નથી.

કર્ણાટક સ્ટેટ હજ કમિટીના



ચેરમેન રૌફુદ્દીન કાચરીવાલેએ કહ્યું કે તેમના હાથ બંધાયેલા છે, આ બધું સાઉદી અરેબિયાના કારણે થયું છે. આ વર્ષે હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા જતા ભારતીય યાત્રાળુઓએ ૩,૯૦,૫૦૦ રૂપિયા ચૂકવવા પડશે, જે ૨૦૧૯માં ૨,૬૯,૭૦૦ રૂપિયા હતા. તે જ સમયે, ખાનગી ઓપરેટરો હજ યાત્રીઓ પાસેથી ૬ લાખ રૂપિયા સુધી વસૂલી રહ્યા છે. હજ વિઝાની કિંમત ૧,૨૦૦ રિયાલ છે. જ્યારે પહેલા તેની કિંમત ૩૦૦ રિયાલ હતી. તે જ સમયે, ભારતથી રિટર્ન ફ્લાઈટ ટિકિટની કિંમત ૬૦,૦૦૦ રૂપિયાને બદલે ૯૦,૦૦૦ રૂપિયા છે. આ સિવાય સાઉદી અરેબિયાએ ૧૫ ટકા વેટ લાગુ કર્યો છે. હોટલ પર ૫% મ્યુનિસિપલ ટેક્સ પણ છે.

આર્થિક સંકટના કારણે શ્રીલંકાના મુસ્લિમોએ હજ ન કરવાનો નિર્ણય લીધો છે. આરબ ન્યૂઝના અહેવાલ મુજબ, સાઉદી અરેબિયાએ વર્ષ ૨૦૨૨ માટે શ્રીલંકાથી ૧૫૮૫ હજ યાત્રીઓના ક્વોટાને મંજૂરી આપી હતી. જો કે, આ નિર્ણય નેશનલ હજ કમિટી, શ્રીલંકા હજ ટૂર ઓપરેટર્સ એસોસિએશન અને મુસ્લિમ ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ સહિત અનેક હિતધારકો દ્વારા કરવામાં આવેલી ચર્ચાબિાદ લેવામાં આવ્યો છે.

તે જ સમયે, સાઉદી અરેબિયા દ્વારા જારી કરાયેલ એડવાઈઝરી અનુસાર, આ વર્ષે ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો હજ યાત્રા પર જઈ શકશે નહીં. તેમના પર પ્રતિબંધ મૂકવાનો આ નિર્ણય કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે કહ્યું કે અન્ય દેશોમાંથી આવતા લોકોએ નકારાત્મક કોવિડ રિપોર્ટ રજૂ કરવો પડશે અને જરૂરી નિયમોનું પાલન કરવું પડશે.

### રાજકોટમાં ડીસીપીનું મીડિયા સાથે ગેરવર્તન

## હીરાસર એરપોર્ટ પર ૨ મીડિયા કર્મીનું ગળું પકડ્યું, ૭ને પોલીસ વાનમાં બેસાડ્યા

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ હીરાસર એરપોર્ટ નિર્માણ પામી રહ્યું છે. જેનું પ્રથમ ફેઝનું કામ આગામી સમયમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે. ત્યારે આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્થળ મુલકાત પર આવ્યા હતા. પરંતુ રાજકોટ ઝોન ૧ના ડીસીપી પ્રવીણકુમાર મીણાએ મીડિયા કર્મીઓ સાથે ગેરવર્તન કર્યું હતું. મીડિયા કર્મીઓ હેલિપેડ નજીક ઉભા હતા ત્યારે પ્રવીણકુમાર મીણાએ ગેરવર્તન કર્યું હતું. બે કેમેરામેનનું ગળુ દબાવી ધક્કો માર્યો હતો અને અટકાયત કરવાની વાત કરી હતી. બાદમાં પાંચથી સાત મીડિયાકર્મીને પોલીસવાનમાં બેસાડી અટકાયત કરી હતી અને પછી છોડી દેવામાં આવ્યા હતા. જોકે સમગ્ર મામલે મીડિયા કર્મીઓએ મુખ્યમંત્રીને રજૂઆત કરતા તેઓએ દિલગીરી વ્યક્ત કરી હતી. જોકે આ



મામલે રાજકોટના જોઈન્ટ પોલીસ કમિશનર ખુરશીદ અહેમદ પાર્થરાજસિંહ ગોહિલને તપાસના આદેશ કર્યા છે.

આ અંગે મીડિયા કર્મચારીઓએ મુખ્યમંત્રીને રજૂઆત કરતા તેઓએ દિલગીરી વ્યક્ત કરી હતી. ડીસીપીઆ અંગે કઈ પણ બોલવા તૈયાર નથી અને માફી પણ ન માગતા મીડિયા કર્મચારીઓમાં રોષ ભભૂક્યો છે. મીડિયાને રન-વે નજીકથી દૂર કરવા હડધૂત પણ કર્યા હતા. જોકે આ સમગ્ર મામલે મીડિયા કર્મચારીઓ રાજકોટ પોલીસ કમિશનર કચેરી દોડી ગયા હતા અને અહીં ધરણા પર બેસી રામધૂન બોલાવી હતી.જો કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બે હાથ જોડીને પત્રકારોની માફી માંગી હતી અને આવી ઘટના બીજીવાર નહીં બને તેવી ખાત્રી આપી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટની ભાગોળે આકાર લઈ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા આંતરરાષ્ટ્રીય હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટની મુલાકાતે આવ્યા હતા. તેમજ હેલિપેડ, રન-વે અને બ્રિજ નિર્માણ, બોક્સ ક્લવર્ટ વગેરેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને એરપોર્ટ ઓથોરિટીવતી ભૂપેન્દ્ર પટેલનું સ્વાગત કરતાં કલેક્ટર અરુણ મહેશ બાબુએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા હીરાસર એરપોર્ટની કામગીરી અંગે વિગતવાર જાણકારી આપી હતી.

કલેકટરે ફાયર સ્ટેશન, એ.જી.એલ. સબ સ્ટેશન, એમ.ટી.પુલ, એ.ટી.સી. સહિતના કામગીરીનો પ્રગતિ રિપોર્ટ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યો હતો. આ તમામ કામોની વર્તમાન સ્થિતિ અંગે મુખ્યમંત્રીને માહિતી આપી હતી. હીરાસર એરપોર્ટ ઓથોરિટીના જનરલ મેનેરજર લોકનાથે મુખ્યમંત્રીને સાઈટ પર થયેલી અત્યારસુધીની કામગીરી અંગેની વિગતવાર જાણકારી આપી હતી.

## કેરળમાં કોઈપણ કિંમતે CAA લાગુ કરવામાં આવશે નહીં : મુખ્યમંત્રી પિનરાઈ વિજય

કોચ્ચી,

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને નાગરિકતા સંશોધન કાયદા (સીએએ) પર કેન્દ્ર સરકારને મોટો ઝટકો આપ્યો છે. તેમણે કહ્યું છે કે તે કોઈપણ કિંમતે રાજ્યમાં લાગુ થશે નહીં. કેન્દ્ર સરકાર પર આરોપ લગાવતા તેમણે કહ્યું કે, દેશમાં ધર્મનિરપેક્ષતાને ખતમ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. જોકે, સીએએ પર સરકારનું વલણ સ્પષ્ટ છે અને તે ચાલુ રહેશે.

વાસ્તવમાં કેરળના સીએમ વિજયન સરકારના એક વર્ષ પૂર્ણ થવા પર આયોજિત કાર્યક્રમમાં લોકોને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, ભારતના બંધારણમાં સ્પષ્ટ લખેલું છે કે આપણો દેશ ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંત પર કામ કરે છે અને તેને ખતમ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે સીએમ વિજયનની આ ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે કોરોના રોગચાળો ખતમ થયા બાદ આખા દેશમાં ઝછછ લાગુ કરવામાં આવશે.

સીએમ વિજયને કહ્યું કે, એક ચોક્કસ જૂથ સીએએને લઈને વધુ ચિંતિત છે. તાજેતરમાં બનેલી એક ઘટનામાં એક જૂથ ધર્મના આધારે નાગરિકતા નક્કી કરી રહ્યું હતું. અમારી સરકારે તેની સામે કડક વલણ અપનાવ્યું છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે નિર્ણય લીધો છે કે ધર્મના આધારે નાગરિકતાનો નિર્ણય લેવામાં આવશે નહીં.

## નેશનલ પાર્ક અને અભયારણ્યની આસપાસ ફેક્ટરી કે ખનન પ્રવૃત્તિ થઈ શકે નહીં : સુપ્રીમ

નવીદિલ્હી,

દેશભરમાં સંરક્ષિત વન, વન્યજીવ અભયારણ્ય અને નેશનલ પાર્કની આસપાસ ૧ કિલોમિટરના વિસ્તારમાં ઈકો સેન્સેટીવ ઝોન એટલે કે પર્યાવરણ સંવેદનશીલ વિસ્તાર બનાવવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ સેઝ ની સીમાની અંદર જે કોઈ ગતિવિધિ ચાલી રહી હોય તે માત્ર મુખ્ય વન સંરક્ષકની પરમીશન બાદ જ ચાલી શકશે. જો સેઝ અગાઉથી નક્કી હોય તો ૧ કિલોમીટર બફર ઝોનથી આગળ હશે તો તેની વિસ્તારીત સીમા જ માનવામાં આવશે.

પ્રત્યેક રાજ્યનાં મુખ્ય વન સંરક્ષક સેઝ અંતર્ગત હાલના ક્ષેત્રનું એક લિસ્ટ તૈયાર કરશે અને ૩ મહિનાના અંતે સુપ્રીમ કોર્ટને સોંપશે. વન્યજીવ અભયારણ્ય અને નેશનલ પાર્કને સેઝમાં કોઈપણ પ્રકારનું ખનન કરવાની પરમીશન નહીં મળે. અને નવા બાંધકામને પણ પરમીશન નહીં આપવામાં આવે.

સુપ્રીમ કોર્ટનો પર્યાવરણ મંત્રાલયને આદેશ આપવામાં આવ્યો છે કે દેશમાં અભયારણ્ય અને નેશનલ પાર્કની આસપાસ એક કિલોમીટરના વિસ્તારને પર્યાવરણ માટે સંવેદનશીલ ક્ષેત્ર જાહેર કરવામાં આવે અને ત્યાં કોઈ પણ પ્રકારની ખનન પ્રવૃત્તિ કે ફેક્ટરીની પરવાનગી ન આપવામાં આવે. આ ચુકાદો જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો હતો. જેમાં ટીએં ગોદાવરમન કેસમાં મંત્રાલયને સંરક્ષિત વણો અને નેશનલ પાર્ક્સને લઈને આદેશ આપવામાં આવ્યો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બકકર શોએબ હુસેન

તરફથી અભીનંદન....

મુ. રતનપુર(કાં), તા. ગોધરા, જી.પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મુડવાડા પારસીંગભાઈ પુંજાભાઈ

તરફથી અભીનંદન....

મુ. વાલૈયા, તા. ગોધરા, જી.પંચમહાલ

## કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી કોરોના સંક્રમિત, એક દિવસ પહેલા સોનિયા ગાંધી કોરોના પોઝિટિવ આવ્યા હતા

નવીદિલ્હી,

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી બાદ હવે તેમની પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા પણ કોરોના પોઝિટિવ છે. પ્રિયંકાએ ખુદ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. તેમણે સંપર્કમાં આવેલા લોકોને જરૂરી સાવચેતી રાખવા પણ અપીલ કરી છે.અગાઉ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા તેમની બે દિવસની લખનૌ મુલાકાતને કાપીને બુધવારે રાત્રે દિલ્હી પરત ફર્યા હતા. ખબર છે કે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના



પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવ્યું છે કે પ્રિયંકા ગાંધી પણ તેમના સંપર્કમાં આવ્યા હતા, ત્યારબાદ તેઓ લખનૌથી દિલ્હી પરત ફર્યા હતા. હવે તેનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

માર્ચમાં ઉત્તર પ્રદેશમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ કરનાર પ્રિયંકા ગાંધી વાડ્રાએ 'છોકરી હૂં, લડો શક્તિ હૂં' સૂત્ર આપ્યું હતું અને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ માટે પાર્ટીને પુનર્જીવિત કરવાની તેમની પાસે મોટી જવાબદારી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં, ૪૦૩ સભ્યોની ઉત્તર પ્રદેશ વિધાનસભામાં કોંગ્રેસને માત્ર બે બેઠકો મળી હતી. તે જ સમયે, કપિલ સિબ્બલે પાર્ટીમાંથી રાજીનામું આપ્યા પછી, કોંગ્રેસ પાસે રાજ્યસભામાં આ રાજ્યમાંથી કોઈ પ્રતિનિધિત્વ નથી. સિબ્બલે સપાના સમર્થનથી રાજ્યસભા માટે અપક્ષ ઉમેદવાર તરીકે નોમિનેશન ભર્યું છે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ કોવિડ સંક્રમિત થઈ ગયા છે. ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના પોઝિટિવ આવ્યા હતા.પ્રિયંકા ગાંધીએ શુક્રવારે ટ્વીટ કર્યું, 'હું કોવિડ સંક્રમિત થઈ ગઈ છું. કોરોનામાં હળવા લક્ષણો છે. મેં કોરોના પ્રોટોકોલ મુજબ મારી જાતને ઘરે ક્વોરેન્ટાઈન કરી છે.

મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કેન્દ્ર સરકારના ૮ વર્ષ સેવા અને સુશાસન અને ગરીબ કલ્યાણ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લા ભાજપ દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

દાહોદ,

કેન્દ્ર સરકારના ૮ વર્ષ સેવા અને સુશાસન અને ગરીબ કલ્યાણ અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લા ભાજપ દ્વારા લુણાવાડા વિશ્રાંતિ ગૃહ કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથસિંહ બારિયા, મહામંત્રીઓ રાવજીભાઇ પટેલ, પ્રદીપસિંહ રાઠોડ, કાર્યાલય મંત્રી જિગર પંડ્યાની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારની આઠ વર્ષની કાર્યકાળની ઉજવણીના અનુસંધાને જિલ્લા ભાજપ વિવિધ મોરચા અને મંડળ દ્વારા અલગ-અલગ કાર્યક્રમો યોજવામાં આવશે તેમ જણાવ્યુ હતું.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા ભાજપ પ્રમુખે મોટી સંખ્યામાં ઉપસ્થિત જિલ્લાના પત્રકારોને માહિતી આપતા જણાવ્યું કે, યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ના સુશાસનના આઠ વર્ષ પુર્ણ થયા છે. શાસન અને સુશાસન વચ્ચેનો ફરક આઠ વર્ષની અંદર દેશવાસીઓએ જોયો છે અને અનુભવ કર્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દેશના લોકોની આશા-અપેક્ષાને પુર્ણ કરવા અનેક યોજના દરેક વર્ગના લોકો માટે જાહેર કરી તેનો લાભ લાભાર્થીને મળે તેની પણ ચિંતા કરી છે. વડાપ્રધાને કરેલ વિવિધ યોજના પૈકી આયુષ્યમાન ભારત યોજનામાં એક લાખ ૧૮ હજાર જેટલા સેન્ટર ઉભા કરવામાં આવ્યા,૧૮ કરોડ જેટલા આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવ્યા. સાડા ત્રણ કરોડ લોકોની સારવાર વિના મુલ્યે કરવામાં આવી છે. કોરોનાની વૈશ્રીક મહામારી સમયે દેશવાસીઓને કોરોના સામે રક્ષણ અપાવવા ફ્રીમાં રસી આપી. વિશ્વના દેશોએ પણ સ્વીકાર્યુ કે કોરોના મહામારીમાં સૌથી સારૂ કામ ભારત દેશે કર્યું છે. દેશના યુવાનને સરળતાથી લોન આપી વ્યવસાય શરૂ કરી શકે તેવા પ્રયાસના ભાગરૂપે પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સ્વ નિધિ યોજના, પ્રધાન મંત્રી ગરિબ કલ્યાણ અન્ન યોજના, વન નેશન વન રેશન યોજના, શૌચાલયનુ નિર્માણ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનામાં યુવાનોને તાલીમ જેવી અનેક જનકલ્યાણકારી યોજનાઓએ સુશાસનનો અનુભવ કરાવ્યો છે. ઉજાલા યોજના હેઠળ ૩૬ લાખ એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું. કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત ૧૨ કરોડ ખેડૂતોના ખાતામાં ૬ હજાર રૂપિયા સીધા ખાતામાં જમા કરાવવામાં આવે છે. ગામડામાં રહેતા બહેનોને ધુમાડાથી મુકતી આપી બીમારીમાથી દુર કરવા આશરે ૧૨ કરોડ બહેનોને વિનામુલ્યે એલપીજી ગેસના કનેકશન આપ્યા. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દેશના દરેક વ્યકિત અને દરેક ક્ષેત્રને ધ્યાને રાખી આવરી યોજનાની જાહેરાત કરી છે. જલ જીવન મિશન અંતર્ગત પાછલા ત્રણ વર્ષમાં ૬ કરોડ ૩૦ લાખ ઘરોમાં નલથી જળ પહોચાડવામાં આવ્યું છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવી. સીમાઓને સુરક્ષીત કરવામા આવી,મુસ્લિમ સમાજની બહેનોને ત્રિપલ તલાકનો કાયદો લાવી સલામતી આપી છે. દરેક ઘરને કેન્દ્ર સરકારની યોજનાનો લાભ મળે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કેન્દ્રની સરકારમાં સ્થિર સરકાર, સ્પષ્ટ નીતી અને સાફ નીયત વાળી ભાજપની સરકાર મળી છે. ગુજરાતને ડબલ એન્જીનની સરકાર મળી છે. આવનાર દિવસમાં વધુ સારી કલ્યાણકારી યોજનાઓ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની સરકાર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

# સંતરામપુર NFSAના રેશનીંગ ગ્રાહકોની તપાસ હાથ ધરાશે




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં NFSA રેશનિંગ ગ્રાહકોના સંતરામપુર તાલુકાના ૩૫૦૨૬ ની સંખ્યા ધરાવતા તપાસ હાથ ધરવામાં આવશે. સંતરામપુર તાલુકામાં ગુજરાત સરકાર અને મહિસાગર જિલ્લાના ગામ મામલતદારના આદેશ મુજબ રેશનીંગ ગ્રાહકોમાં સરકારના નિયમ મુજબ સરકારી નોકરી, બાઈક, ફોરવીલર તમામ વસ્તુઓથી જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરીને રેશનીંગ કાર્ડ માંથી પરત ખેંચવામાં આવશે અને ફોજદારી ગુનો દાખલ કરવામાં આવશે. મહિસાગર જિલ્લાના મામલતદાર જાહેર નોટીસ પરિપત્ર બહાર પાડવામાં આવેલો હતો. જિલ્લાના તમામ તાલુકા અને સંતરામપુર તાલુકામાં ૩૫૦૨૬ રેશનીંગકાર્ડના ગ્રાહકો પર બાજ નજર રાખવામાં આવશે એન.એફ.એસ.એ યોજના ગરીબોનું વિતરણ કરવામાં આવતા મફત અનાજનો લાભ આર્થિક રીતે સુખી પરિવાર પણ લાભ લેતા હોવાનું સરકારમાં ધ્યાનમાં આવતા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું છે. અત્યારથી કામગીરી હાથ ધરવામાં આવેલી છે. જેમાં સરકારી મફત અનાજનો લાભ લેતા હોય તેવા સુખી પરિવારની ૩૦મી જૂન સુધીમાં કચેરી જઈને કમી કરવાનું જણાવેલું છે. ત્યાર પછી ૧ જુલાઈથી પુરવઠા વિભાગ દ્વારા એન.એફ.એસ.એ યોજનામાં મફતના અનાજનો લાભ લઈ રહ્યા હોય એવા પરિવારોને યોગ્ય તપાસ હાથ ધરીને ફોજદારી કાર્યવાહી કરવાની સરકાર દ્વારા અને સરકારી તંત્ર દ્વારા જાહેર સૂચના આપવામાં આવેલી છે અને કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવેલો છે. મામલતદાર કચેરીમાં જઈને સ્વૈચ્છિક રીતે પોતાના રેશનકાર્ડ માંથી નામો કમી કરાવી રદ કરવા માટેનું જણાવેલું છે.

# જિલ્લા પંચાયત પંચમહાલ દંડક હસ્તે ઓરવાડા ખાતે ૨૦ લાખનાં રસ્તાનું ખાતમહુર્ત



ગોધરા,

ગોધરા તાલુકાના ઓરવાડા ગામે જિલ્લા પંચાયત પંચમહાલના દંડક અરવિંદસિંહ પરમાર દ્વારા ઓરવાડા હાઇવેથી ગામડી રોડને જોડતો અંદાજિત ત્રણ કિમી રસ્તો રૂપિયા ૨૦ લાખનાં ખર્ચે થનાર છે જેનું ખાત મુહર્ત કરવામાં આવ્યું.

સદર રસ્તો બનવવાથી ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી ગયેલ હતી. અને ધારાસભ્ય સી.કે. રાઉલજી અને જિલ્લા પંચાયત સદસ્ય એ.બી.પરમાર નો આભાર માનેલ.

આ શુભ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય મિતી નયનાબેન પટેલ, તાલુકા ભાજપ મંત્રી ભૂપતભાઇ, સરપંચ પિન્ટુભાઈ, માજી ડે.સરપંચ ભરતસિંહ, ગ્રામજનો અને કાર્યકર ભાઈઓ બેહનો ઉપસ્થિત રહ્યા હતા.

## આનંદીબેનનો હાર્દિકને મળવાનો ઈક્રાર

# ફઈને નહીં સાહેબને મળી લો અને જણાવજો કે આંદોલનમાં જનરલ ડાયરની શું ભૂમિકા હતી





ગાંધીનગર,

દાગ અચ્છે હૈ આમ તો અત્યારના રાજકારણીઓ પર જેટલા વધુ દાગ અને ધબ્બા લાગે તેટલી તેની લોકપ્રિયતા વધતી જાય તેવો સિનારિયો છે. પરંતુ અહીં વાત એવા દાગની છે કે જે ભાજપની કેસરી ગંગામાં ડૂબકી લગાવ્યા બાદ ધોવાઈ જાય છે. એટલું જ નહીં. પરંતુ પવિત્ર પણ થઇ જાય છે. છેલ્લા ૭ વર્ષથી ભાજપને ભાંડવામાં કશું બાકી ન રાખનારા હાર્દિક પટેલ પર રાજદ્રોહ સહિત વિવિધ કેસોના જે દાગ લાગ્યા છે તે પણ કદાચ ધોવાઈ જશે. પરંતુ સુકા ભેગું લીલું બળે એ મુજબ આ ધોવાણની પ્રક્રિયામાં દાગની સાથે સાથે નૈતિકતા, સિદ્ધાંતો, વફાદારી અને પ્રામાણિકતા પણ ધોવાઈ જશે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહેલી આ કોમેન્ટ ગુજરાતમાં કોઇ પણ ભોગે ૧૫૦થી વધુ બેઠકો મેળવવા માટે ભાજપે લાજ-શરમ, નૈતિકતા અને મૂલ્યોને કોરાણે મુકીને જે રીતે ભરતીમેળો શરૂ કર્યો છે તેના પર મર્મવેધી કટાક્ષ કરે છે. છેલ્લા ૭ વર્ષથી જનરલ ડાયર હિટલર ફઈબા કાકા જેવા અનેક શબ્દો થકી મોદી-શાહ સહિત સમગ્ર ભાજપને ભાંડનાર હાર્દિક પટેલે આખરે ભાજપ સાથે જ નાતરું કરી લીધું છે. ભાજપમાં સામેલ થતાં પહેલા હાર્દિક પટેલે પોતે જેમને ફઈબા કહીને સંબોધે છે તે પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ભાજપની કેસરી ગંગામાં ડૂબકી લગાવતા પહેલા હાર્દિકે ફઈબાના દરબારમાં કુરનીશ બજાવવાની ઈચ્છા વ્યક્ત કરી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. પરંતુ જે ભત્રીજાને કારણે ફઈબાએ ખુરશી છોડવી પડી અને સત્તા ગુમાવવી પડી તેમણે ભત્રીજાને મળવાનો સ્પષ્ટ ઈક્રાર કરી દીધો. એટલું જ નહીં શબ્દોરૂપે ભત્રીજા હાર્દિકને એવો જનોઈવઢ ઘા માર્યો કે તે ભાજપના સર્વેસર્વાઓને પણ ચચરી ઉઠશે. ફઈબા આનંદીબેને હાર્દિકને મળવાનો ઈક્રાર કરી જણાવ્યું કે તમે સાહેબને મળી લો. પાટીદાર આંદોલન પાછળ કોણ હતું એ સાહેબને કહી દેજો. રાજકીય ચર્ચા તો એવી પણ ચાલી છે કે ફોઈએ ભત્રીજાને એ પણ જણાવવા કહ્યું કે આંદોલનમાં જનરલ ડાયરની શું ભૂમિકા હતી.

આનંદીબેન પટેલનો ઈશારો અને નારાજગી કોના તરફ હતી એ સૌ કોઈ સમજી શકે તેમ છે અને આ નારાજગી કમલમમાં હાર્દિકના ભાજપ પ્રવેશ વખતે પણ જાણે કે જોવા મળી કે જ્યાં હાર્દિકનું સ્વાગત કરવા પ્રમુખ પાટિલ તો હાજર રહ્યા. પરંતુ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની અનઉપસ્થિતિ રહી. સીએમ ભૂપેન્દ્ર પટેલ આનંદીબેન પટેલ જૂથના માનવામાં આવે છે. બંને પાટીદાર નેતા છે. આથી સીએમ ભૂપેન્દ્ર પટેલની અનઉપસ્થિતિ મીડિયાને પણ ઉડીને આંખે વળગી હતી.

બીજી તરફ ભગવો રંગ ધારણ કરતાં જ હાર્દિકે જેમને ભાંડવામાં કંઇ બાકી નહોતું રાખ્યું એ પક્ષના ખોળે બેસીને વ્હાલી વ્હાલી કરતો જોવા મળ્યો. રાષ્ટ્રહિતની મોટી-મોટી વાતો કરી અને વાયદાઓનો વેપાર પણ ચાલુ કર્યો. માત્ર અને માત્ર પોતાના સ્વાર્થ અને રાજકીય કારકિર્દીને કારણે હાર્દિકે જે પાટીદાર આંદોલન શરૂ કર્યું તેમાં શહીદ થનારા ૧૪ યુવકોના પરિવારજનોને ૨ મહિનામાં નોકરી આપવાનું પણ વચન આપી દીધું..ભાજપની કેસરી ગંગા એવી છે કે પક્ષમાં આવનારા દરેક પવિત્ર થઈ જાય છે. હાર્દિક પરના રાજદ્રોહ સહિતના જે વિવિધ દાગ છે તે પૈકી કેટલા ધોવાઈ જશે એ તો સમય જ કહેશે. પરંતુ ભાજપને તળેટીથી શિખર સુધી પહોંચાડનારા. ભાજપના ગમે તેવા કપરા સંજોગોમાં પણ પક્ષના સિદ્ધાંતો અને મૂલ્યોને વળગી રહેનારા. અસંખ્ય વફાદાર અને સંનિષ્ઠ કાર્યકરો કમલમના આ દ્રશ્યો જોઈને નીતિ અને મૂલ્યોનું રાવણું યોજાયું હોય તેમ સ્તબ્ધ છે. નિઃશબ્દ છે અને દિગ્મુઢ છે

# મહીસાગર જિલ્લા-તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમ ૨૩ જૂને યોજાશે

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે માન.મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ દર માસના ચોથા ગુરૂવારે કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત તથા ચોથા બુધવારે મામલતદારની કચેરીઓમાં વર્ગ - ૧ કક્ષાના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.


જિલ્લા તમામ તાલુકા માટે જુન -૨૦૨૨ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૦૬/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૬/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે જુન -૨૦૨૨ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ - ૧ કક્ષાના અધિકારીઓ તા.૨૩/૦૬/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

આ સ્વાગત કાર્યક્રમમાં કલેકટર મહીસાગરને ખાનપુર તાલુકો, જિલ્લા વિકાસ અધિકારી, મહીસાગરને કડાણા તાલુકો, પોલીસ અધિક્ષક, મહીસાગરને બાલાસિનોર તાલુકો, પ્રાંત અધિકારી લુણાવાડાને વિરપુર તાલુકો, પ્રાંતઅધિકારી સંતરામપુરને લુણાવાડા તાલુકો તેમજ પ્રાંત અધિકારી બાલાસિનોરને સંતરામપુર તાલુકાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/ રજુઆત અંગેની અરજી ''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી'' તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/ મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૦/૦૬/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે.

જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/ અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.

# સંતરામપુર પોલીસ સ્ટેશનમાં વોલ્ટેજ વધવાના કારણે સાત જેટલા કોમ્પ્યુટર બળી ગયા




સંતરામપુર,

સંતરામપુર પોલીસ સ્ટેશનમાં વોલ્ટેજ વધવાના કારણે છેલ્લા ત્રણ દિવસથી કોમ્પ્યુટર પર ચાલતી કામગીરી થઈ ગઈ હતી. આશરે ૭ જેટલા કોમ્પ્યુટર અંદરની સર્કિટો અને પ્રિન્ટર મશીન વળી ગયા હતા. અંદરની સાધનસામગ્રી બગડી જવાનાં કારણે તમામ કામગીરી થઈ ગઈ હતી. છેલ્લા ત્રણ દિવસથી આ પરિસ્થિતિના કારણે ઓનલાઈન ફરિયાદ અન્ય કામગીરી બંધ થઈ ગઈ હતી. ત્રણ દિવસથી તમામ ફરિયાદો અને અન્ય કામગીરી ના થવાના કારણે ભારે મુશ્કેલી વેઠી રહેલા છે. હાલમાં વોલ્ટેજ વધવાના કારણે પોલીસ સ્ટેશનના કમ્પ્યુટર અને મોટાપાયે નુકશાન થયું હતું અને કોમ્પ્યુટર બગડી ગયા હતા. હાલના સમયમાં દરેક જગ્યાએ આધુનિક જમાનામાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવતો હોય છે અને સૌથી વધારે કોમ્પ્યુટર કામગીરી થતી હોય છે. ત્રણ દિવસથી કોમ્પ્યુટર બંધ રહેવાના કારણે કામગીરી કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

# પંચમહાલમાં જિલ્લા અને તાલુકા ન્યાયાલયો ખાતે તા.૨૬ જુનના રોજ લોક અદાલત યોજાશે

ગોધરા,

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (NALSA) નવી દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ પંચમહાલ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે પંચમહાલ જિલ્લા ન્યાયાલય પંચમહાલ તથા તેના તાબા હેઠળ આવેલા તાલુકાઓ ગોધરા, શહેરા, મોરવા (હ), કાલોલ, હાલોલ, ઘોઘંબા, જાંબુઘોડા ખાતે આગામી તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ અંતર્ગત અકસ્માતને લગતા કેસો (MACP મેટર્સ), ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના કેસો, લગ્ન સબંધી ફેમીલી કેસો, મહેસુલના કેસો, ભરણપોષણના કેસો, એલ.એ.આર.ના કેસો, હિન્દુ લગ્ન ધારો, મંજુર અદાલતના કેંસો, દિવાની દાવા જેવા કે ભાડાના, બેન્કના વગેરે વીજળી તથા પાણીના (ચોરી સિવાયના) કેસો સમાધાન માટે મુકી શકાશે. આ લોક અદાલતમાં હાજર રહેતી વખતે પક્ષકારો અને વકીલઓ એ કોવીડ-૧૯ ના પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે. પક્ષકારોએ લોક અદાલત દ્વારા વિવાદોનુ ઝડપી અને સંતોષકારક રીતે સમાધાન કરવા માટે આ અંગેની વધુ જાણકારી મેળવવી હોય તો તે જે તે અદાલતનો અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય પંચમહાલ તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતિનો ફોન ઉપર સંપર્ક કરવાનો રહેશે તેવું સચિવ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગોધરા પંચમહાલે એક અખબારી યાદીમા જણાવેલ છે.

# શહેરાના સલામપુરાની ૨૨ વર્ષીય યુવતિએ કુવામાં પડી આપઘાત કર્યો

શહેરા,

શહેરા તાલુકાના સલામપુરા ગામે રહેતા ૨૨ વર્ષીય યુવતિએ અગમ્યકારણોસર કુવામાં પડી આપઘાત કરી લેતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના સલામપુરા ગામે હોળી ફળીયામાં રહેતી વર્ષાબેન વિક્રમભાઈ પગીએ ૨ જુનના રોજ કોઈ અગમ્યકારણોસર કુવામાં પડીને આપઘાત કરી મરણ જતાં આ બાબત શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલમાં ચકચાર જગાવનાર મોરવા હડફ વિસ્તારમાં સગીરાના આપઘાતના કિસ્સામાં આરોપીના નિયમિત જામીન અરજી નામંજૂર કરતી કોર્ટ

ગોધરા,

મોરવા હડફ પોલીસ સ્ટેશનમાં સગીરા માત્ર ૧૪ વર્ષની દીકરી સાથે સંબંધ રાખવાના ઈરાદા સાથે અવારનવાર સગીરાને હેરાન ગતિ કરનાર સુનિલભાઈ રાજેશભાઈ પટેલના ત્રાસ થી કંટાળી જઈ સગીરા એ સમાજમાં પોતાની અને પોતાના કુટુંબની ઈજ્જત જશે તેવા ડર થી માત્ર ૧૪ વર્ષની ઉંમરમાં આપઘાત કરી લેતાં આ ચકચારી કેસમાં મોરવા હડફ પોલીસ સ્ટેશનમાં આરોપી સુનિલ રાજેશભાઈ પટેલ વિરૂદ્ધ ઈ.પી.કો કલમ ૩૦૬ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો અને આ ગુન્હામાં આરોપીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેથી આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડીસટીકટ અને સેસન્સ જજ જે.સી. દોશીની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરી હતી. જેમાં પોલીસ તપાસના કાગળો તથા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવારની દલીલોને ધ્યાનમાં રાખીને અને જે મુજબ ગુન્હો બન્યો. તે હકીકત જોતાં સમાજમાં આવા પ્રકારના બનાવો હળવાશથી લઈ શકાય નહીં અને સમાજમાં દાખલો પણ બેસાડવો જરૂરી હોઈ નામદાર કોર્ટ દ્વારા આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

# જૂનના અંતિમ સપ્તાહમાં ઉત્તર ભારતમાં વાદળો વરસશે

નવીદિલ્હી,

દિલ્હી-એનસીઆર વિસ્તારમાં આકાશ વાદળછાયું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર દિલ્હી-દ્રઝઈનાં ઘણા ભાગોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. કેરળ, તમિલનાડુ અને કર્ણાટકના ઘણા ભાગોમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું પહોંચી ગયું છે. જો કે, ઉત્તર ભારતના લોકોએ વર્ષના પ્રથમ ચોમાસાના વરસાદ માટે જૂનના અંત સુધી રાહ જોવી પડશે. આઈએમડીએ ૧૦૩ ટકા વરસાદની આગાહી કરી છે.

આઈએમડીએ દિલ્હીમાં હળવા વરસાદની આગાહી કરી છે. તેમજ હવામાન વિભાગે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા જણાવી છે. ગુરુવારે દિલ્હીનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એક ડિગ્રી ઓછું ૨૬.૬ ડિગ્રી સેલ્સિયસ હતું. IMDએ કહ્યું કે આ હવામાન પરિસ્થિતિઓના પ્રભાવ હેઠળ હિમાચલ પ્રદેશમાં શુક્રવાર સુધી છૂટોછવાયો વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં ઉપ-હિમાલયના પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે પણજણાવ્યું હતું કે શુક્રવાર સુધી પ્રદેશમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની છે.

હવામાન વિભાગે આગામી થોડા દિવસોમાં ગંગાના પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ અને ભારે પવનની આગાહી કરી છે.આઈએમડીએ કહ્યું કે આગામી થોડા દિવસોમાં પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને નોર્થ-ઈસ્ટમાં છુટો-છવાયા વરસાદની સાથે પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં સિક્કિમ અને પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશના ઘણા ભાગોમાં વરસાદ પડશે.

આ વખતે નૌતપામાં અન્ય વર્ષની સરખામણીએ ગરમી ઓછી છે, તેથી પ્રિ-મોન્સુન એક્ટિવિટી પણ ઓછી રહેશે, જૂનમાં વધુ વરસાદની શક્યતા પણ ઓછી છે. જૂનના બીજા સપ્તાહથી ચોમાસા પૂર્વેની થોડી સ્થિતિ થવાની સંભાવના છે.

મધ્યપ્રદેશના હવામાનશાસ્ત્રી એકે શુક્લા કહે છે- નૌતપા એટલે ચોમાસા પહેલાની આકરી ગરમી. આ ગરમી પડવાના કારણે હવા ગરમ થઈને ઉપર વધે છે. ઉપર ઉઠ્યા પછી, ખાલી જગ્યા ભરવા માટે, દરિયામાંથી ભેજવાળા દક્ષિણ-પશ્ચિમ પવનો આવે છે. જેના કારણે સિસ્ટમ અથવા વાદળ બને છે. પછી તેનાથી વરસાદ પડે છે.

# આપની આજ.......

મેષ : આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે. આજે જે લોકો પ્રેમ સંબંધમાં છે અથવા આવનારા સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા છે.

વૃષભ : આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે પરિણીત લોકો માટે આજનો દિવસ સારો રહેશે, તમને તમારા જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન : આ દિવસે મિથુન રાશિના જાતકોએ પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે.

કર્ક : આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો. કેટલાક લોકો આ દિવસે ઘર માટે કેટલીક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ખરીદી શકે છે. તમને ધાર્મિક કાર્યોમાં પણ રસ રહેશે.

સિંહ : સિંહ રાશિના લોકો આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે.

કન્યા : આ દિવસે તેમના જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો. આ રાશિના લોકોના પારિવારિક જીવનમાં સારા ફેરફારો જોવા મળશે.

તુલા : આજે ગ્રહોની સ્થિતિ તુલા રાશિના લોકોને પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો. આ રાશિના લોકો પણ આજે તેમની માતા સાથે સારો સમય વિતાવી શકે છે.

વૃશ્ચિક : આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો, પરંતુ સારી વાત એ છે કે આજે તમે તમારા અટકેલા કામને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો.

ધનુ : આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે. તમારી વાણીમાં પણ મધુરતા જોવા મળશે. કેટલાક લોકોને આ દિવસે નાણાંકીય લાભ મળવાની પણ સંભાવના છે.

મકર : આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે. તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો આજે અનુભવી લોકો સાથે વાત કરવી ફાયદાકારક રહેશે.

કુંભ : આજે ગ્રહોની સ્થિતિ તમને થોડી મૂંઝવણ આપી શકે છે, પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો. આજે તમારે તમારા ખર્ચ પર પણ ધ્યાન આપવું પડશે.

મીન : મીન રાશિના જાતકોને આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે, આજે તમે તમારા મોટા ભાઈ-બહેન સાથે મળીને ખરીદી કરી શકો છો.

# દાહોદ-ઈન્દોર રેલ પરિયોજનાની ૭૫ ટકા કામગીરી બાદ પણ ધીમી કામગીરીને લઈ ડિસેમ્બર સુધી કામ પુરૂ થશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ-ઈન્દોર રેલ પરિયોજના અંતર્ગત આવરી લેવાયેલ દાહોદથી ૧૧ કિલોમીટર દૂર આવેલ દાહોદ-કતવારા સેક્શન સુધીનો રેલવે ટ્રેક તૈયાર થઈ ચૂક્યું છે. તેટલું જ નહિ કાતવારા ખાતે રેલવે ક્વાટર્સ સહીત પ્લેટફોર્મ સાથેના સ્ટેશનનો નિર્માણ કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યો છે. રેલવે તંત્ર દ્વારા આ કામગીરી આગામી સપ્ટેમ્બર ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરી તેના તમામ સેફટી મેજરસ (સલામતીના ધારા ધોરણોની તપાસણી કરવાનું લક્ષ્ય બનાવ્યું છે. અને રીતે સ્થળ ઉપર કામગીરી કરાઈ રહી છે. પરંતુ હાલ સુધી પૂર્ણ થયેલ ૭૦ થી ૭૫ ટકા કામગીરી પછી પણ કામની ગતિ અને સ્થાનિક પ્રતિકૂળતાઓના કારણે આ કામ ડિસેમ્બર જાન્યુઆરી સુધી પૂર્ણ થવાની ધારણા ત્યાં ખુદ કામ કરતા શ્રમજીવીઓ અને સંબંધિતોનું કહેવું છે.

આ પરિયોજનાનું કાર્ય જો નિર્ધારિત સમય સુધીમાં રેલવે તંત્ર પરિપૂર્ણ કરે તો સોનામાં સુગંધ ભળવા જેવું કાર્ય ગણાશે. જોકે આ કાર્ય ડિસેમ્બર જાન્યુઆરી સુધીમાં પરિપૂર્ણ થાય તો દાહોદ વાસીઓ માટે લાભકારી રહેવાનું રેલવેના અંતરંગ વર્તુળમાંથી જાણવા મળેલ છે. કતવારા સુધીની પૂર્ણ થયેલ લાઈન પછી પણ મધ્યપ્રદેશ વિસ્તારના સરહદે આવેલી આશરે ૧૯ હેક્ટર કરતા પણ વધુ જમીન કે જે જંગલ ખાતામાં આવતી હોવાથી તે કેટલાક વિવાદોને આધીન હોવાથી ભૂમિ અધિગ્રહણનું કાર્ય બાકી રહ્યું છે. તેમજ મધ્યપ્રદેશમાં પણ ઝાબુઆથી ધાર વચ્ચેની જમીન જંગલ ખાતામાં આવતી હોવાથી તેમાં પણ વિવાદ થયો હોવાથી રેલવે દ્વારા જમીન અધિગ્રહણ કરવાનું કાર્ય બાકી છે.જયારે મધ્ય પ્રદેશ વિસ્તારની ભૂમિ અધિગ્રહણની કાર્યવાહી ઝડપભેર પુરી કરવા રેલવે તંત્ર સક્રિય બન્યું છે. ત્યારે ભૂમિ અધિગ્રહણ ગમે ત્યારે થાય પરંતુ ૧૧ કિલોમીટરનો દાહોદ કાતવારા સેક્શનનો કાર્ય જો પરિપૂર્ણ થશે તો હાલ દાહોદ રેલવે સ્ટેશન ઉપર ચાલતી લોકલ ગાડી જેવી કે ડેમુ મેમુ વિગરે ને કારણે અનેકવાર એક્સપ્રેસ ગાડીઓની પ્લેટફોર્મની પોજીશન આખરી સમયે બદલવી હોવાનું પ્રતીત થવા પામ્યું છે અને તેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.પરંતુ પ્લેટફોર્મ સહીત કતવારા સેક્શન પૂર્ણ થાય તો દાહોદ રેલવે સ્ટેશન પર હોલ્ટ કરાતા લોકલ ગાડી તેમજ તેમના એન્જીનો ત્યાં મુકવાની શરૂઆત થાય તેવું લાગી રહ્યું છે. જોકે દાહોદ રેલવે સ્ટેશન નજીક ૪ અને ૫ નંબર ની કામગીરી શરૂ થનાર છે. ત્યારે દાહોદ રેલવે સ્ટેશન જો જંક્શન બનશે તો રેલવે સબંધી અનેક પ્રશ્નોના નિરાકરણ તો આપમેળે થઇ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૪ કિલોમીટર દાહોદ ઈન્દોર પરિયોજનાનું બન્ને તરફથી કામ ચાલી રહ્યું છે. જેમાં ઈન્દોરના રાજેન્દ્ર નગરથી પીથમપુર સુધી તો ગુડ્સ ટ્રેનનું સંચાલન પણ થઈ રહ્યું છે. તથા ટીહી પાસે ટનલનું કાર્ય જે કોરોનાકાળમાં બંધ થઈ જવા પામ્યું હતું તે આ વખતે રેલવે દ્વારા બજેટમાં ૫૦૦ કરોડ ફાળવ્યા બાદ પુનઃટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.તેમજ હાલમાં જ ૧૩૨ કરોડના ખર્ચે ૧૯૬૭ મીટર લાંબી ટનલના નિર્માણ કાર્ય માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.ત્યારે રેલવે તંત્ર દ્વારા બાકી રહેલ ભૂમિઅધિગ્રહણનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવે તો ઈન્દોર દાહોદ પરિયોજનાના ઝડપથી પૂર્ણ થઈ શકશે તેમાં કોઈ બેમત નથી.

# દાહોદ ગ્રામ વિકાસ એજન્સી નેશનલ રૂરલ ઈકોનોમીક પ્રોજેકટના કરાર આધારીત કર્મચારીઓ ૭૯ લાખની ઉચાપત મામલે ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે ચાલતી યોજનાઓમાં મસમોટુ કૌંભાંડ સામે આવ્યું છે. જેમાં નેશનલ રૂરલ ઈકોનોમીક ટ્રાન્સફોરમેશન પ્રોજેક્ટ અંતર્ગત કચેરીમાં ફરજ બજાવતાં કરાર આધારિત તથા આઉટ સોર્સથી ફરજ બજાવતાં મહિલા સહિત પાંચ કર્મચારીઓએ રૂા. ૭૯ લાખ ઉપરાંતની ઉચાપત કરી કૌંભાંડ આચરતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી છે. સમગ્ર મામલે કચેરીના વિભાગીય હિસાબનીશ કર્મચારી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં કરાર આધારિત તથા આઉટ સોર્સથી ફરજ બજાવતાં અંજનાબેન મેઘજીભાઈ મછાર (રહે. ઠુંઠી કંકાસીયા, તા. ઝાલોદ, જિ.દાહોદ), ચંન્દ્રિકાબેન ચંદુભાઈ મેડા (રહે. છાપરી, તા. જિ.દાહોદ), લીલાબેન સચીનભાઈ નિનામા (રહે. છાપરી, તા.જિ.દાહોદ), મેઘાબેન કે. નલવાયા (રહે. નળવાઈ, તા. ગરબાડા, જિ.દાહોદ) અને રાજેશભાઈ સોમસિંહ મોહનીયા (રહે. ગલાલીયાવાડ, તા. જિ.દાહોદ) નાઓએ એકબીજાના મેળાપીપળામાં આગોતરૂં કાવતરૂં રચી ભારત સરકાર દ્વારા ચાલતી દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નેશનલ રૂરલ ઈકોનોમીક ટ્રાન્સફોરમેશન પ્રોજેક્ટ યોજના અંતર્ગત સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ૭૯,૬૮,૧૦૮ની ઉચાપત કરી યોજનામાં નિર્દિષ્ઠ કરાયેલ આદેશોનું પાલન કરી કરી અને નાણાંનો ખોટી રીતે ઉપયોગ કર્યો હતો અને સરકાર સાથે છેતરપીંડી અને વિશ્વાસ ઘાત કરતાં આ સંબંધે દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં વિભાગીય હિસાબનીશ તરીકે ફરજ બજાવતાં હેમલરાજ લલીતકુમાર બારભાયા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# ફતેપુરા મામલતદાર કચેરીમાં જૂન મહિનો ૩૧ દિવસનો



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા મામલતદાર કચેરી દ્વારા હાલમાં પાત્રતાના ધરાવતા એન.એફ.એસ.એ કાર્ડ ધારકો ને પોતાના કાર્ડ જમા કરાવવા કે કમી કરાવવા માટે અપીલ કરવામાં આવી છે. જે માટે એક જાહેર અપીલ ફતેપુરા મામલતદાર કચેરી દ્વારા કરવામાં આવી છે. આ અપીલમાં સ્પષ્ટપણે બે જગ્યાએ લખવામાં આવ્યું છે. પાત્રતાના ધરાવતા એન.એફ.એસ.એ કાર્ડ ધારકોએ તારીખ ૩૧ જુન ૨૦૨૨ સુધીમાં પોતાના આવા કાર્ડ જમા કરાવી દેવા હવે સ્વાભાવિક છે કે, આ માનવ સહજ ભૂલ છે અથવા તો ઓપરેટર દ્વારા કે કોમ્પ્યુટર દ્વારા થયેલી ભૂલ છે પરંતુ અપીલ તૈયાર થયા પછી ઓપરેટર કે કર્મચારી કે અન્ય અધિકારીઓ દ્વારા આ બાબતે ચકાસણી કરવામાં આવી નથી. આ લખાણ તૈયાર થયા પછી મામલતદારની સહી માં પણ ગઈ હશે જ્યાં મામલતદારે પણ આ લખાણમાં બે જગ્યાએ લખેલ ૩૧ જુન ૨૦૨૨ જોયા વગર જ સહી કરી દીધી હશે ? જો આવી ગંભીર ભૂલ મોટા દસ્તાવેજમાં થઈ હશે તો અરજદારના ચંપલના તળિયા ઘસાઈ જશે તોયે આવી ભૂલ સુધારવામાં છ મહિનાથી એક વર્ષ જેટલો સમય લાગી શકે છે. ત્યારે ફતેપુરા મામલતદાર કચેરીની ગંભીર બેદરકારી સામે આવી છે. મામલતદાર દ્વારા પણ આંખો મીંચીને સહી કરી દેવામાં આવતી હોય તેવું લાગી રહ્યું છે. આમ ફતેપુરા મામલતદાર કચેરી દ્વારા કરવામાં આવેલ જાહેર અપીલ માં તારીખ ૩૧ ષીક્ષય ૨૦૨૨ છાપીને કોઈપણ જાતની ચકાસણી કર્યા વગર અપીલને પ્રસિદ્ધ કરી દેવાતા મામલતદાર કચેરીની ગંભીર બેદરકારી બાબતે ફતેપુરા તાલુકામાં ચર્ચાઓ ઉઠવા પામી છે.

# “નવી દિશા નવું ફલક” : દાહોદમાં તાલુકા કક્ષાના કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉમટયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજ્ય સરકારની ઉમદા પહેલ અંતર્ગત નવી દિશા નવું ફલક અંતર્ગત દાહોદમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કાર્યક્રમોને વ્યાપક સફળતા મળી છે. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમોને સફળ બનાવ્યા હતા. આજ રોજ બી.એમ. હાઈસ્કુલ ઝાલોદ, શ્રેતલ હાઈસ્કુલ પિપેરો ધાનપુર તેમજ દેવગઢબારિયાની મોડેલ સ્કુલ ખાતે કાર્યક્રમ યોજાયા હતા. તેમા પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા ઝાલોદ ખાતેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા અને વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું. ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે સહિતના અધિકારીઓ પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યાં હતા અને વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટેની માહિતી આપી હતી. કાર્યક્રમ સ્થળે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ઉપયોગી સાહિત્યનું વિતરણ પણ કરાયું હતું. વિદ્યાર્થીઓને નિષ્ણાંતો દ્વારા ઓનલાઇન તેમજ ઓફલાઇન માર્ગદર્શન અપાયું હતું.

રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શન મળી રહે એ આશયથી રાજ્યમાં સૌપ્રથમવાર સુગ્રથિત પ્રયાસ કરીને ‘‘નવી દિશા નવું ફલક’’ કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાઈ રહ્યાં છે. જે અંતર્ગત દાહોદમાં જિલ્લા કક્ષા ઉપરાંત તાલુકા કક્ષાએ કાર્યક્રમ યોજાયા હતા.

# લીમખેડાના ટુટાધારી ગામે લગ્નમાં બાળ સમાજ સુધારાણા કર્મચારીને બોલાવવાના મામલે ૧૩ ઈસમોની ટોળીએ એક મહિલા સહિત ત્રણને ઈજાઓ કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ટુટાઘાટી ગામે લગ્ન પ્રસંગમાં બાળ લગ્ન સમાજ સુધારણાના કર્મચારીઓને બોલાવવા મામલે મહિલા સહિત ૧૩ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ગામમાં રહેતાં એક પરિવાર ઉપર હુમલો કર્યો હતો. જેમાં એક મહિલા સહિત ત્રણ જણાને હથિયાર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા.૦૨ જુનના રોજ લીમખેડા તાલુકાના ટુટાઘાટી ગામે રહેતાં સબુરભાઈ પારસીંગભાઈ, રાજેશભાઈ સબુરભાઈ, રાકેશભાઈ સબુરભાઈ, પ્રકાશભાઈ સબુરભાઈ, રોહિતભાઈ કાળીયાભાઈ, કાળીયાભાઈ જેતુભાઈ, અરવિંદભાઈ બાબુભાઈ, સંજયભાઈ બાબુભાઈ, કરણભાઈ નવલાભાઈ, રમેશભાઈ સીનીયાભાઈ, બદીયાભાઈ સીનીયાભાઈ, સુકલીબેન સબુરભાઈ અને સવિતાબેન રાકેશભાઈ તમામ જાતે માવીનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો સાથે લઈ આવી ટુટાઘાટી ગામે ટેકરી ફળિયામાં રહેતાં લક્ષ્મણભાઈ બાબુભાઈ તડવીના ઘરે આવી તેમના પરિવારના દિનેશનભાઈને બેફામ ગાળો બોલી કહેલ કે, તું અમારા ઘરનો લગ્ન પ્રસંગ બગાડવા સારૂં બાળ લગ્ન સમાજ સુધારણાના કર્મચારીઓને ફોન કરી બોલાવેલ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી દિનેશભાઈને, સંજયભાઈને અને સંતીબેનને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે લક્ષ્મણભાઈ બાબુભાઈ તડવીએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડામાં અધુરી એવી ભૂગર્ભ ગટરના તૂટેલા ઢાંકણા થી અકસ્માતની ભીતિ



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા નગરમાં ૨૦૧૨માં કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અધુરી એવી ભૂગર્ભ ગટર યોજના આજે ૨૦૨૨માં પણ અધૂરી છે. હાલમાં તાલુકા પંચાયત ન્યાય મંદિર અને મામલતદાર કચેરીએ જવાના મુખ્ય માર્ગ પર ભૂગર્ભ ગટરની ચેમ્બરનું એક ઢાંકણું પાછલા એક માસથી તૂટેલી અવસ્થામાં છે. રહેણાક વિસ્તાર હોવાના કારણે કોઈ બાળક પણ આ ખાડામાં પડી શકે છે, તેમજ તૂટેલા ઢાંકણના કારણે અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, એક તરફ ભૂગર્ભ ગટર યોજનાને પૂર્ણ બતાવી અને ગ્રામ પંચાયતને તેનો હવાલો સોંપી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ સમયાંતરે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અધુરી આ યોજનાની મુલાકાત લઈને તેને ચાલુ કરવા માટેના પ્રયાસો અને સૂચનો કરવામાં આવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે, પરંતુ તેમ છતાં પણ પરિણામ શૂન્ય છે. એક તરફ સરકાર દ્વારા ભૂગર્ભગટર નામે કરોડો રૂપિયા ખર્ચાયા હોય તો આ યોજના ધારાધોરણ મુજબ ચાલુ થવી જોઈએ જેથી કરીને લોકોને તેનો લાભ મળી રહે અને સરકારે ખર્ચેલ નાણાંનો સદ્દઉપયોગ થયો હોય તેમ કહી શકાય સ્થાનિક તંત્ર દ્વારા હાલમાં તો તૂટેલા ગટરના ઢાંકણાનું વહેલી તકે મેન્ટેનન્સ કરવામાં આવે તે જરૂરી બાબત બની છે.

# ગોધરા મામલતદાર કચેરી ખાતે ધમધમતા તાપમાં જાતિ અને આવક માટે આવતાં અરજદાર માટે એકતા મંચ દ્વારા છાશ વિતરણ કરવામાં આવ્યું



ગોધરા,

જેઠ માસના ધમધમતા ૪૧ ડીગ્રી તાપમાનમાં લોકોમાં હાહાકાર મચી ગયેલ છે. લોકો ઘર માંથી બહાર નિકળવાનું તારતા હોય છે.

પરંતુ શાળા કોલેજોમાં પ્રવેશ વખતે રજુ કરવા માટે જાતિ દાખલા, ઓબીસી, પ્રમાણપત્રોની કામગીરી માટે વાલીઓ સાથે બાળકો ગોધરા તાલુકાના મામલતદાર કચેરીમાં સવાર થી જ તાલુકાના દુરદુરના ગામડાઓમાંથી પધારતા લોકો કાળજાર ગરમીમાં પાણી માટે વલખાં મારે છે અને તરસ છીપાવવા મજબુરીમાં દસ-વીસ રૂપીયાના બોટલો વારંવાર ખરીદવા પડતા હોય છે.

આવી કપરી પરિસ્થિતીમાં રાષ્ટ્રશકિત એકતા મંચના નગર મહામંત્રીની આગવેવાની હેઠળ મામલતદાર કચેરીમાં તાલુકાના દુરદુર થી આવતા વિધવા મહિલાઓ તેમજ જાતિ પ્રમાણપત્ર, આવક, ઓબીસી વિગેરે કામગીરી માટે આવેલ પ્રજાની તરસ છીપાવવા છાશ વિતરણ કરવામાં આવ્યું હતું.

નિધીબેનની આગેવાની હેઠળ ગીતાબેન લુહાણા દેવાભાઈ શ્રીમાળી, યશસ્વી પરમાર નિતેષ વિનોદ, કિરીટ શ્રીમાળી, ક્રિષ્ણા ઠાકોર, મિતાલી ચૌહાણ વિગેરે મળીને છાશની કેનો લઈને મામલતદાર કચેરીના મુખ્ય દરવાજા બહાર ઉભા રહીને ડીસ્પોઝલ ગ્લાસો દ્વારા લોકોને છાશ વિતરણ કરવામાં આવેલ છે.

અને જે વૃદ્ધ, અપંગ લોકોને તેઓ પાસે જઈને વિતરણ કરીને લોકો તાપમાં તરસ છીપાવવા મદદરૂપ બન્યા હતા. જન સેવા એજ પ્રભુ સેવા છે. તે ઉકિતને સાર્થક કર્તા આ કાર્યકરોની છાશ વિતરણની કામગીરી જોઈને મામલતદાર કચેરીના તાલુકા લોકો ખુશ થઈને કાર્યકરોને દુઆઓ આપતા જોવા મળ્યા હતા.

# વિશ્વ સાઈકલ દિવસે દાહોદ આરોગ્ય વિભાગ દ્વારા જીવનશૈલી અને પર્યાવરણ માટે સાઈકલ ચલાવવા અપીલ



દાહોદ,

વિશ્વ સાઇકલ દિવસ નિમિત્તે સાઇક્લોથોન આયોજનમાં સહભાગી થઈને આરોગ્ય વિભાગ, દાહોદ દ્વારા નગરજનોને આરોગ્ય પ્રદ જીવનશૈલી અપનાવવા અને પર્યાવરણ બચાવવા નમ્ર અપીલ.

૩ જૂન વિશ્વ સાઇકલ દિવસ નિમિત્તે દાહોદ નગરમાં સાઇક્લોથોન (સાઇકલ મહારેલી)નું આયોજન કરાયું હતું. જેમાં આરોગ્ય પ્રદ જીવનશૈલીને વેગ આપવા આકાંક્ષી જિલ્લા દાહોદના જન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પણ સાઇકલ રેલીને આ સંયુકત ભગીરથ પ્રયાસમાં સમર્થન આપવામાં આવ્યું. મહારેલીમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, નગર પાલિકા પ્રમુખ સહીત અન્ય મહાનુભાવો સાથે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આરોગ્ય વિભાગની ટીમ સાથે હાજર રહી નગરજનોને આરોગ્ય પ્રદ જીવનશૈલી અપનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

# ફતેપુરા તાલુકાના ડુંગરા ગામે થી ફતેપુરા ઘુઘસ રોડ ઉપરથી શંકાસ્પદ બાયોડીઝલનું ટેન્કર ઝડપાયું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા PSI સી.બી. બરંડા અને તેની ટીમ દ્વારા ટેન્કર ઝડપી ફતેપુરા પુરવઠા વિભાગને જાણ કરી હતી. ફતેપુરા પુરવઠા વિભાગ ટેન્કર જપ્ત કરી સીલ કરી પ્રવાહીને તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યું હતું. ફતેપુરા તાલુકાના ડુંગરા ગામેથી ફતેપુરા ઘુઘસ રોડ રોડ પરથી શંકાસ્પદ હાલતમાં બાયોડીઝલ નું ટેન્કર ફતેપુરા PSI સી.બી. બરંડા અને તેની ટીમ દ્વારા પકડી પાડી ફતેપુરા પુરવઠા વિભાગને જાણ કરતા ફતેપુરા મામલતદાર પી.એમ. પરમારના માર્ગદર્શન હેથલ ફતેપુરા પુરવઠા વિભાગના નાયબ મામલતદાર પુરવઠા ચૌધરી અને તેની ટીમ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી જથ્થાને સીઝ કરીને બાયોડિઝલ ટેન્કર જપ્ત કરી પોલીસ સ્ટેશનને જમા કરાવી તેમાં ભરેલ પ્રવાહી તપાસ અર્થે રિપોર્ટ કરવા જિલ્લા પુરવઠા અધિકારી દાહોદને મોકલી આપવામાં આવેલ છે. જેના સેમ્પલ ગુજરાત ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપવામાં આવેલ છે.

# હાલોલ કસ્બા રેકડી નાળા પાસે ૫ ઈસમોને ૧૭ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા

હાલોલ,

હાલોલ કસ્બા રેકડી નાળા સાથે બાવળની ઝાડીમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ૧૭,૬૨૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ કસ્બા રેકડી નાળા પાસે બાવળની ઝાડીઓમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન મુસ્તફા ઈસ્માઈલ બાદશાહ, ઈકબાલ મહોમદ બાદશાહ, શરીફ ઐયુબ બજારવાલા, મોસીન મુસાભાઈ દાઢી, આમીર ઐયુબખાન પઠાણને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઈસમોની અંગઝડતી કરતાં ૮,૧૪૦/- રૂપીયા દાવ ઉપર ૪૮૦/- રૂપીયા મોબાઈલ ફોન મળી કુલ ૧૭,૬૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

# દે.બારીઆમાં પત્નીને પિયરમાં તેડવાના મામલે બનેવીને સાળા સહિત ૭ ઈસમોએ મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં પત્નિને પિયરમાં તેડવા મામલે બનેવીને સાળાઓ સહિત યુવકના સાસરીપક્ષના મહિલા સહિત ૪ ઈસમો યુવકને લાપટો, ઝાપટો મારી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરેર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દેવગઢ બારીઆ તાલુકાના પાણીવાસણ ગામે બારીઆ ફળિયામાં રહેતાં અર્જુનભાઈ છગનભાઈ બારીઆનો પુત્ર કિશનની પત્નિ રિશાઈને પોતાના પિયરમાં બેઠી હતી. ત્યારે ગત તા.૦૧ જુનના રોજ કિશન દેવગઢ બારીઆ નગરના ઘાટી ફળિયામાંથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે કિશનનો સાળા પ્રકાશભાઈ કેશરભાઈ બારીઆ તથા દિનેશભાઈ પર્વતભાઈ બારીઆ (બંન્ને રહે. ડાંગરીયા, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) અને કિશનના સાસરીપક્ષના કોકિલાબેન શંકરભાઈ વડેળ અને સંજયભાઈ શંકરભાઈ વડેળ (બંન્ને રહે. પાણીવાસણ, તા.દેવવગઢ બારીઆ, જિ.દાહોદ)નાઓએ કિશનને રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું મારી બહેનને કેમ તેડતો નથી અને અન્ય છોકરી સાથે તું પ્રેમ સંબંધ રાખે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ કિશનને લાપટો, ઝાપટો મારી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે અર્જુનભાઈ છગનભાઈ બારીઆએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.240

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા સોમાભાઈ પટેલ આંગડીયા પેઢીમાં

# ૪૭ લાખની ચોરીનો ભેદ કલાકોમાં ઉકેલી ત્રણ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા સ્થિત મહેન્દ્રભાઇ સોમાભાઇ પટેલની આંગડીયા પેઢીમાં ૪૭ લાખ રૂપિયાની થયેલી ચોરીનો ગોધરા એલસીબી અને બી ડીવીઝન પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ૪૭ લાખ પૈકી ૪૫ લાખ રૂપિયા રીકવરી પણ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે, આંગડિયા પેઢીના કર્મચારીએ જ તેના મિત્ર સાથે મળી ૪૭ લાખની માતબર રકમ ચોરીનું કાવતરૂ રચ્યું હતું અને જેના બાદ આજે સવારે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનીકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ સહિતની મદદથી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.



ગોધરાના સોનીવાડ વિસ્તારમાં આવેલી મહેન્દ્ર સોમાભાઈ પટેલ આંગડીયા પેઢી માંથી રોકડ રૂપિયા અને બે મોબાઇલ ફોન મળી કુલ ૪૭.૧૨ લાખની ચોરી થઈ હોવાની ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ આંગડિયા પેઢીના કર્મચારીએ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. જિલ્લા પોલીસવડાએ એલ.સી.બી અને ગોધરા શહેર બી ડીવીઝન પોલીસની ટીમની રચના કરી ચોરીનો ભેદ ઉકેલવા સૂચના આપી હતી. જેથી પોલીસે ગોધરા શહેરના જાહેરમાર્ગો ઉપરના સી.સી.ટી.વી. ફુટેજ, હ્યુમન સોર્સ અને ટેકનીકલ સર્વેલન્સની મદદ લેતાં ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલાયો હતો. પોલીસ તપાસમાં ‘‘ઘર કા ભેદી લંકા ઢાયે’’ ઉક્તિ જેમ આંગડિયા પેઢીમાં થયેલી ચોરી એક પૂર્વ આયોજિત કાવતરૂ હોવાનું બહાર આવ્યું હતું. આંગડિયા પેઢીમાં નોકરી કરતાં મેહુલ સોલંકીએ તેના મિત્ર દર્શન સોની સાથે મળી ૪૭ લાખની ચોરી કરવાનું આયોજન કરી નાણાં એડવાન્સમાં સરકાવી લીધા હતા અને દર્શનના મોડાસા ખાતે રહેતા સંબંધીને ત્યાં નાણાંના પેકેટ પહોંચાડી દેવાયા હતા. બીજી તરફ પેઢીમાં માતબર રકમની ચોરી થઈ હોવાની જયપાલસિંહ રાઠોડને જાણ થતાં તેઓએ ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓ (૧) મેહુલસિંહ તખતસિંહ સોલંકી રહે.તરસંગ લીમડાવાળુ ફળીયુ તા.શહેરા જી.પંચમહાલ (૨) દર્શન સોની ગોધરા (૩) નરેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર સોની રહે.મકાન નંબર ૪૩, પંચ જયોત સોસાયટી, માલપુર રોડ, મોડાસાની બે મોબાઇલ ફોન અને ૪૫ લાખ રૂપિયા રોકડા સાથે ધરપકડ કરી બે લાખ રૂપિયા રીકવરી કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરામાં મૃતદેહ ૧૫ કલાક સુધી પીએમ રૂમમાં રહ્યો તેમ છતાં પોસમોર્ટમ ન થતા મૃતકના પરિવારજનોમાં ભારે આક્રોશ

શહેરા,

શહેરા તાલુકાના લાભી ગામના કુવામાંથી સુરેલી ગામની પરણિતાની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. લાશનુ પોસ્ટમોર્ટમ ૧૫ કલાક બાદ પણ નહિ થતા પરીવારજનોએ પોલીસ સ્ટેશન ખાતે આક્રોશ સાથે ઉગ્ર રજુઆત કરતા પોસ્ટમોર્ટમ કરવાની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

શહેરા તાલુકાના લાભી ગામના પાણી ભરેલા કૂવામાં સૂરેલી ગામની વર્ષા નામની પરણિતાની લાશ સ્થાનિક ગ્રામજનને જોવા મળતા તેઓ એ પોલીસ ને જાણ કરી હતી. પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.સ્થાનિક લોકોની મદદથી પાણી ભરેલા કૂવામાં તરતી પરિણીતાની લાશને બહાર કાઢીને ગુરૂવારની સાંજે પોસ્ટમોર્ટમ માટે શહેરા બ્લોક કચેરી ખાતે મોકલી દેવામાં આવી હતી. જ્યારે પોલીસ દ્વારા મૃતકની ઓળખ થતા તેના પિયર પક્ષ અને સાસરી પક્ષના લોકો ને જાણ કરતા તેઓ સ્થળ ખાતે દોડી આવ્યા હતા. પીએમ રૂમમાં મૃતદેહ ૧૫ કલાક કરતા વધુ સમય સુધી રહેવા છંતા પોસ્ટમોર્ટમ નહિ થતા પરિવારજનોએ ભારે આક્રોશ જોવા મળી રહયો હતો. મુતક ના પરીવારજનો સાથે મોટી સંખ્યા માં સગાસંબંધીઓ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી જઈને ભારે રોષ વ્યકત કરવા સાથે પોલીસની કામગીરીથી નારાજ થયા હતા. લાશનું પોસ્ટ મોર્ટમ ન થતા લાશ કલાકો સુધી પી.એમ રૂમમા રઝળી રહેવા સાથે પરીવારજનૌને ધોમધખતા તાપમા તપાવાનૌ વારો આવ્યો હતો. મૃતકના પરીવારજનો નો આક્રોશને જોતા થોડા સમયમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, તાલુકાના વિસ્તારમાં કોઈપણ ઘટના બનતી હોય ત્યારે લાશનું પી.એમ અહીં કરવામાં આવતું હોય પરંતુ પરીવારજનોને જેમ બને તેમ જલ્દી પોસ્ટમોર્ટમ કરીને મૃતદેહ મળે તેવું આયોજન સબંધિત કચેરી દ્વારા કરવામાં આવવું જોઈએ. જેથી હાલ જે ઘટના બની તેવી ફરીથી બની શકે નહી તેમ છે. એક તો પરીણીતાના મોતનું રહસ્ય અકબંધ હોવા સાથે પરીવારજનો પર દુઃખનું આભ તૂટી પડી હોય ત્યારે પોલીસ તંત્ર અને ડોક્ટર દ્વારા લાશનું પોસ્ટમોર્ટમ ૧૫ કલાક પછી પણ નહી કરી શકતા માનવતા મરી પરવારી હોય તેમ લાગી રહ્યું હતુ.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

## ઘોઘંબા અને મોરવા હડફ ખાતે નવી દિશા નવું ફલક વિષય પર તાલુકા કક્ષાના કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયા

ગોધરા,

જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે નવી દિશા નવુ ફલક વિષય પર ઘોઘંબા સ્થિત એસ એચ વરીયા હાઈસ્કુલ તથા મોરવા હડફ સ્થિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) ખાતે તાલુકા કક્ષાના કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયા હતા. જેમા ઘોઘંબા તાલુકાના ધો ૯ થી ૧૨મા અભ્યાસ કરતા આશરે ૪૦૦થી વધારે બાળકો અને વાલીઓએ ભાગ લીધો હતો તથા મોરવા હડફ તાલુકાની શાળાઓના ૩૫૦ વિદ્યાર્થીઓ, ૨૨ વાલીઓ, ૩૪ શિક્ષકો અને ૧૦ આચાર્ય ઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમા માન.મુખ્યમંત્રી તથા શિક્ષણમંત્રી દ્વારા અને વિવિધ વિભાગના તજજ્ઞ વકતાઓ દ્વારા ધોરણ ૧૦,૧૨ અને સ્નાતક પછીના ટેકનીકલ, મેડીકલ, ખેતીવાડી અને પશુપાલન, માછીમારી, ફોરેસ્ટ વગેરે ક્ષેત્રમા ઉચ્ચ શિક્ષણ માટે વિવિધ અભ્યાસક્રમોની બાયસેગ વીડીઓ થકી માર્ગદર્શન આપવામા આવ્યુ હતું.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા સ્થિત કાર્યક્રમમા અદયક્ષ તરીકે એ એલ ચૌહાણ રોજગાર અધિકારી ગોધરા દ્વારા ઉમેદવારોને કારીકિર્દી આયોજન માટે લક્ષ્ય નકકી કરવા અને તેમા રસરૂચી મુજબનુ ક્ષેત્ર પસંદ કરવા, લશ્કરી ભરતી માટે તૈયારી કરવા, તેમજ બાંધકામ ક્ષેત્ર માટે એલ એન્ડ ટી કંપનીમા મળતી ફ્રી તાલીમ મેળવીને બાંધકામ ક્ષેત્રે ઉજવળ કારકિર્દી બનાવવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે રોજગાર કચેરીના પ્રશાંત રાણા કેરીઅર કાઉન્સેલર તેમજ સરકારી એન્જીનીયરીંગ કોલેજના પ્રો.એ.એમ પ્રજાપતી તેમજ શિક્ષણ કચેરીના એ ડી આઈ જે બી પટેલ તેમજ સરકારી આઈટીઆઈના યુ આર રાજ તેમજ અન્ય કચેરીના અધિકારી કર્મચારી દ્વારા પ્રશ્નોત્તરી-જવાબ કરીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામા આવ્યુ હતું.

મોરવા હડફ સ્થિત સેમિનારના મુખ્ય વકતા તરીકે રોજગાર કચેરીના આર.વી.સેવક, આઇ.ટી.આઇ તરફથી પી.એમ.જાદવ, પોલીટેકનિક કોલેજમાંથી એચ.આર.પટેલ, પશુપાલન કચેરીના પ્રતિનિધિ ડો જે.વી.પટેલ, અગરવાડા કયુ.ડી.સી.સહ સંયોજક એસ.વી.બારીઆ, DEO કચેરીના AEI ડી.ડી.ડામોર અને એસ.પી.પરમાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સાથે ભવિષ્યમા રોજગાર કચેરીની સેવાઓ અને વ્યવસાય માર્ગદર્શન મેળવવા રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ પર કોલ કરવા તેમજ www.anubandham.gujarat.gov.in પોર્ટલ પર જોબસીકર તરીકે રજીસ્ટર કરાવી રોજગારી મેળવવા જણાવવામાં આવ્યું હતું.

## કાલોલના બેઢીયા ગામે ત્રણ ઈસમોને ૨.૪૨૭ કિ.ગ્રા. ગાંજા મળી ૧.૫૪ લાખના મુદ્દામાલ સાથે SOG પોલીસે ઝડપ્યો

કાલોલ,

ગોધરા એસ.ઓ.જી. પોલીસ બાતમીના આધારે ગોધરા-વડોદરા રોડ ઉપર બેઢીયા ગામ પાસે હાઈવે ઉપર વોચમાં હતા. દરમિયાન બાઈક ઉપર જતાં બે ઈસમો અને એકટીવા ચાલકને રોકી તપાસ કરતાં પકડાયેલ ઈસમો પૈકી બાઈક પાછળ બેઠેલ ઈસમ પાસેની થેલી માંથી ૨.૪૨૭ કિલો ગ્રામ સુકો ગાંજો કિંમત ૨૪,૨૭૦/-રૂપીયા, મોબાઈલ ફોન, રોકડા અને બે વાહનો મળી ૧,૫૪,૩૧૦/- રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા રોડ ઉપર બેઢીયા ગામ પાસે હાઈવે ઉપર એસ.ઓ.જી. પોલીસે ચોકકસ બાતમીના આધારે વોચમાં હતા. દરમિયાન બાતમીવાળી બાઈક નં.જીજે.૦૬.કેએ.૧૪૨૦ ઉપર જતા બે ઈસમો અને એકટીવા નં.જીજે.૦૬.એન.કે.૩૩૧૫ને રોકી હતી. પોલીસે બાઈક ચાલકનું નામ પુછતા જયંતિભાઈ શ્રીમાળી (ભાગ્યલક્ષ્મી સોસાયટી, ગાયત્રી વિદ્યાલય સામે ગોત્રી, વડોદરા)ની અંગઝડતી કરતાં મોબાઈલ ફોન અને ૧૫૦૦/-રૂપીયા રોકડા મળી આવ્યા હતા. જ્યારે બાઈક પાછળ બેઠેલ અલ્પેશ વિઠ્ઠલભાઈ રાણા (રહે. માળી ફળીયા રબારી ફળીયા, ગોત્રી, વડોદરા હાલ રહે. ખોડીયાર નગર)ની અંગઝડતી કરતાં તેની પાસે રાખેલ થેલી માંથી સુકો ગાંજો ૨.૪૨૭ કિલો ગ્રામ કિંમત ૨૪,૨૭૦/-રૂપીયા મોબાઈલ ફોન-૧ રોકડા ૮૦૦/- મળી આવેલ જ્યારે એકટીવા ચાલક મનોજ કનુભાઈ કુલમાળી રહે. સુભાનપુરા, વડોદરા પાસેથી મોબાઈલ ફોન અને ૭૪૦/-રૂપીયા રોકડ મળી આ બે એસ.ઓ.જી. પોલીસે ત્રણ ઈસમોને ૧,૫૪,૩૧૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ ત્રણે ઈસમો વિરૂદ્ધ એન.ડી.પી.એસ. ૮ સી., ૨૦(બી)૨૯ મુજબ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

## વિશ્વ સાયકલ દિન નિમિતે નવ યુવાનોને સાયકલ ચલાવાની અપીલ કરતાં નિવૃત TDO



ગોધરા,

વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ગોધરા તાલુકા પંચાયતના નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી અને ગાયત્રી પરિવારના કર્મઠ સભ્ય ૭૩ વર્ષના સમરસિંહ એમ. બારીયા સરકારી સેવાઓ પછી કાયમ માટે સાયકલ ચલાવે છે. દરરોજ પાંચથી દસ કિલોમીટર સાઈકલનો પ્રવાસ કરે છે. તેમની તંદુરસ્તીનું મુખ્ય કારણ સાયકલ ચલાવવાનું છે. તેમની સાથેના અનેક ભાઇ-બહેનો અનેક રોગથી પીડાય છે. જ્યારે તેમની તંદુરસ્તીનું રહસ્ય એકમાત્ર સાયકલ ચલાવવાનું છે. સાયકલ ચલાવવાથી શરીરના તમામ અંગોને પૂરેપૂરી કસરત મળી રહે છે. તેમના પિતાને ડાયાબિટીસનો રોગ હતો. જેથી વારસાગત રીતે આ ડાયાબિટીસ રોગ તેમને થઈ શકે તેમ હતો, પરંતુ સાયકલ ચલાવવાના કારણે તેમને ૭૩ વર્ષની ઉંમરમાં ડાયાબિટીસ તથા અન્ય કોઈ પણ રોગ નથી. આજના વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે તમામ નવયુવાનો બાળકો તથા મહિલાઓને સાયકલ ચલાવવાનો સંકલ્પ લઇ તંદુરસ્ત જીવન જીવવા અપીલ કરી છે.

## ગોધરા અભયમ ટીમની સરાહનીય કામગીરી, નવજાત બાળકનો માતા સાથે કરાવ્યો મિલાપ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરા તાલુકાના એક વિસ્તારમાંથી ૧૮૧ અભયમની ટીમને એક મહિલાનો કોલ આવેલ હતો તથા જણાવેલ કે માંરૂ ત્રણ માસનું બાળક મારા પતિ સાથે ઝઘડો થતાં હું પિયરમાં જામનગર ગયેલ હતી. ત્યાંથી મારૂં બાળક મારા પતિ ઝઘડો કરી લઈને ગોધરા મારી સાસરીમાં આવેલ છે.

નવજાત બાળક માતા વગર રડી રહ્યું હોવા છતા પણ તેઓ ત્યાંથી લઈને ભાગી ગયેલ હતા.પીડિત મહિલા વગર બાળક રહી શકે તેમ નહોતું તેથી બહેન જામનગરથી ગોધરા બાળક લેવા માટે આવ્યા હતા. પરંતુ તેના સાસરિયાવાળા તરફથી તેમને ધમકી આપી તેમનું બાળક તેમને સોપ્યું ન હતું. ત્યારબાદ પીડિત બહેન બીજા દિવસે જામનગરથી ગોધરા આવી ૧૮૧ અભયમમાં મદદ માટે કોલ કરેલ હતો. અભયમની ટીમ દ્વારા કાઉન્સેલર તથા પોલીસની ટીમ સાથે ઘટના સ્થળે પહોચ્યા હતા.

ટીમ દ્વારા સ્થળ પર પહોંચી બહેનનું કાઉન્સિલિંગ કર્યું હતું. બાળક નાનું હતું તથા માતાના ધાવણ વગર સતત રડી રહ્યું હતું. આ પ્રસંગે કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.અભયમની ટીમ દ્વારા મહિલાના સાસરીયાવાળા પક્ષને કાનૂની જાણકારી આપી સમજાવ્યા હતા. પરિવારના સભ્યોને સાથે રાખીને મહિલા તથા તેના પતિને સમજાવી ઝગડાનું નિરાકરણ લાવી બાળકનો કબજો માતાને અપાવી સુખદ સમાધાન કરાવ્યું હતું.

## પંચમહાલ શિવરાજપુર ખાતે આદિવાસી સંમેલન હાજર કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરની પ્રતિક્રિયા : ભરતસિંહનો રાજકીય બ્રેક, સન્યાસ નહિં

ગોધરા,

ગુજરાત કોંગ્રેસના ભારતસિંહ સોલંકી એ પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનો પક્ષ મુકયો હતો અને પક્ષને નુકશાન ન થાય તે માટે રાજકીય બ્રેક લેવાની જાહેરાત કરી હતી. તેની પ્રતિક્રિયા આપતાં કોંગ્રેસ પ્રદેશ અદયક્ષ જગદીશ ઠાકોર એ ભરતસિંહ એ બ્રેક લીધો છે. સન્યાસ નહિ.

ગુજરાત કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકી એ પોતાના વ્યકિત પ્રશ્નને ઉભા થયેલા પ્રશ્નોને લઈ આજરોજ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને પક્ષને નુકશાન ન થાય તે માટે ચાર થી છ મહિનાનો રાજકીય ક્ષેત્રે બ્રેક લેવાની જાહેરાત કરી છે. તેની પ્રતિક્રિયા આપતા પ્રદેશ કોંગ્રેસ પક્ષને નુકશાન ન થાય તે માટે નિર્ણય લીધો છે. ભરતસિંહ સોલંકીનો રાજકીય બ્રેક એ ઘણો તપાસનો વિષય છે. ભરતભાઈએ બ્રેક લીધો છે રાજકીય સન્યાસ નહિ. ગરીબ સમાજના સંગઠનોમાં કાર્ય કરવાની જાહેરાત કરી છે. ભરતભાઈ નિર્ણય લીધો છે પણ માટે તેમના સાથે વ્યકિતગત વાત થઈ નથી વધુમાં જગદીશ ઠાકોર એ જણાવ્યું કે, ભાજપ દાદાગીરી અને ભયના માહોલ ઉભો કરી નેતાઓને જેલ ભેગા કરવાની ધમકી આપી રહી છે. કોંગ્રેસના નેતાઓની વિશ્વસનિયતા તોડી લીડરશીપને ખતમ કરવાનું ભાજપ કરી રહી છે. બધા મુદ્દાઓને કોંગ્રેસ જોઈ રહી છે. તે મુજબ આગળ વધશે. પંચમહાલ જીલ્લા ખાતે હાજર રહેલા જગદીશ ઠાકોરને વિધાનસભાના પ્રચારના અંગે પુછતા શહેરા, કાલોલ અને હાલોલ થી જયાં દાદાગીરી અને સરમુખત્યારશાહી છે. ત્યાંથી શરૂઆત કરાશે તેવી જાહેરાત કરી.




હાલોલના શિવરાજપુર ભાટ ગામે યોજાયેલ આદિવાસી સંમેલનમાં ભાજપના મોદી અને શાહની જોડી ઉપર આકરા પ્રહાર કર્યા. શિવરાજપુરના ભાટ ગામે કોંગ્રેસના આદિવાસી નેતા નારણભાઈ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. નારાયણ રાઠવા એ બે ગુજરાતી મહાત્મા ગાંધી અને સરદાર પટેલ એ આઝાદી અપાવીને વસાવ્યું હતું. જ્યારે નરેન્દ્ર મોદી અને અમિત શાહ વેચવા કાઢ્યું છે. આદિવાસી સંમેલનમાં આડે હાથે લીધા હતા.




તા.૦૩.૦૬.૨૦૨૨વિશ્વ સાયકલ દિવસે ભારત સરકાર ના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા વિવિધ તાલુકાના યુવક/મહિલા મંડળ તેમજ રાષ્ટ્રીય સેવા કર્મીઓ દ્વારા વિશ્વ સાયકલ રેલીનું વિવિધ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું હતું.

## રણજીતનગર ખાતે છોટાઉદેપુર લોકસભા સાંસદની ઉપસ્થિતિમાં ખેલ સ્પર્ધા યોજાઇ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રણજીત નગર હાઈસ્કૂલ ખાતે છોટાઉદેપુર લોકસભા સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત બહેનો તથા ભાઈઓની વોલીબોલ તથા કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઘોઘંબા તાલુકાની વિવિધ ટીમોએ ભાગ લીધો હતો. ભારત સરકાર દ્વારા રમતોને લોકપ્રિય બનાવવા અને પ્રભાવશાળી રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે સાંસદ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. છોટાઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવાના સૌજન્યથી આ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ગુણવતસિંહ ગોહિલ, છેલુભાઈ રાઠવા, રમેશભાઈ રાઠવા, ભીખાભાઈ સોલંકી તથા યુવા મોરચાના પ્રમુખ નરેન્દ્રસિંહ પરમાર, પ્રવિણસિંહ પરમાર, મિત્તલ પટેલ અને રમતવીરો તથા શાળા સ્ટાફ હાજર રહ્યા હતા. બીજા વિજેતા ટીમને સન્માનપત્ર તથા ટ્રોફી અને રોકડ ઈનામો આપવામાં આવ્યા હતા.